સિટી

AHMEDABAD

### કાઉન્સિલને રાજ્યમાં ૨ હજાર ફરિયાદો મળી

# લાઈસન્સ ભાડે આપીને 'કમાણી' ૫૪ ફાર્માસિસ્ટના લાઈસન્સ રદ

અમદાવાદ

ગુજરાત ફાર્મસી કાઉન્સિલે, ફાર્માસિસ્ટનું લાઈસન્સ ભાડે આપીને 'કમાણી' કરનાર ૫૪ ફાર્માસિસ્ટના લાઈસન્સ એક વર્ષ માટે રદ કરવામાં આવ્યા છે. દરેક ફાર્માસિસ્ટને રૂ. ૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. કાયદાની જોગવાઈ મુજબ, ફાર્માસિસ્ટ તરીકે પોતાનું લાઈસન્સ મેડિકલ સ્ટોર માટે ભાડે આપી શકાય. પરંતુ લાઈસન્સ ભાડે આપીને બીજી જગ્યાએ નોકરી કરવી એ ગુનો બને છે. આમ, ગુજરાત ફાર્મસી કાઉન્સિલે, લાઈસન્સ ભાડે આપનાર ફાર્માસિસ્ટ સામે લાલ આંખ કરી છે. આગામી દિવસોમાં આ પ્રકારે લાઈસન્સ ભાડે આપનાર સામે આકરાં પગલાં લેવામાં આવશે.

ગુજરાત ફાર્મસી કાઉન્સિલને અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં આ પ્રકારે પોતાનું લાઈસન્સ ભાડે આપીને 'રોકડી- કમાણી' કરવા બાબતે ૨ હજાર જેટલા ફાર્માસિસ્ટ વિરૂદ્ધ ફરિયાદો મળી છે. કાઉન્સિલ દ્વારા આ પ્રકારની ફરિયાદોમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને તપાસને અંતે અન્ય ફાર્માસિસ્ટ વિરૂદ્ધ પણ પગલાં લેવામાં આવે તેવી શક્યતા છે. આ પ્રકારની ફરિયાદોના સંદર્ભમાં ૧,૫૦૦થી વધુ ફાર્માસિસ્ટને તપાસ માટે બોલાવવામાં આવી રહ્યા છે. આ પ્રકારની ફરિયાદોમાં ફાર્માસિસ્ટ વિરૂદ્ધ ગુનો સાબિત થશે તો તમામ ફાર્માસિસ્ટના લાઈસન્સ રદ કરાશે અને રૂ. ૫ હજારનો દંડ કરવામાં આવશે. આ પ્રકારે લાઈસન્સ અન્યને ભાડે આપીને કમાણી કરવા અંગે બીજીવાર ગુના સંડોવણી બદલ ફાર્માસિસ્ટનું લાઈસન્સ કાયમી ધોરણે રદ કરવા સુધીના પગલાં લેવાશે.

### ગુજરાત ફાર્મસી કાઉન્સિલે ૫ હજારનો દંડ ફટકાર્યો

**SANDESH 30/07/2019**

# ભાડે લાઈસન્સ આપી કમાણી કરતા 54 ફાર્માસિસ્ટને દંડ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

લાઈસન્સ ભાડે આપીને કમાણી કરતા 54 ફાર્માસિસ્ટના લાઈસન્સ એક વર્ષ માટે ગુજરાત ફાર્મસી કાઉન્સિલે રદ કરી 5 હજારનો દંડ ફટકાર્યો છે. કાયદાની જોગવાઈ પ્રમાણે ફાર્માસિસ્ટ તરીકે પોતાનું લાઈસન્સ જે મેડિકલ સ્ટોરમાં ભાડે આપ્યું હોય ત્યાં તે ફાર્માસિસ્ટે હાજર રહેવું પડે.

ગુજરાત ફાર્મસી કાઉન્સિલને સમગ્ર રાજ્યમાં આ પ્રકારે પોતાનું લાઈસન્સ ભાડે આપીને રોકડી કરવા બાબતે બે હજાર જેટલા ફાર્માસિસ્ટ વિરુદ્ધ ફરિયાદો મળતાં કાઉન્સિલે તપાસ હાથ ધરી કાર્યવાહી કરવામાં આવી હતી.

**DIVYABHASKAR**

**30/07/2019**

## ગુજરાતની ફાર્મસી કાઉન્સિલ દ્વારા

# પોતાનાં લાઈસન્સ ભાડે આપનારા ૫૪ ફાર્માસિસ્ટના રજિસ્ટ્રેશન ૧ વર્ષ માટે રદ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,સોમવાર

ગુજરાત ફાર્મસી કાઉન્સિલે ડ્રગ લાઈસન્સ ભાડે આપનારા અમદાવાદ સહિતના ગુજરાતના જુદાં જુદાં વિસ્તારના ૫૪ ફાર્માસિસ્ટોના લાઈસન્સ રદ કરી દીધી છે. ફાર્માસિસ્ટોએ રજિસ્ટ્રેશન મેળવ્યા પછી કેમિસ્ટની શોપમાં પ્રેક્ટિશ કરવા માટે ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરીમાંથી ડ્રગ લાઈસન્સ મેળવવાના હોય છે. તેઓ આ ડ્રગ લાઈસન્સ મેળવીને પછી પૂર્ણ સમયની નોકરી મેળવી લેવાની સાથે સાથે જ કેમિસ્ટોની શૉમાં તેઓ ફાર્માસિસ્ટ તરીકે હાજર રહેતા હોવાનું જણાવીને ડ્રગ લાઈસન્સ ભાડે આપતા હતા. આમ ડ્રગ લાઈસન્સ ધારી ફાર્માસિસ્ટની હાજરીમાં જ દવાનું વેચાણ કરવાના નિયમને તેઓ ચાતરી જતાં હતા. પરિણામે તેમના રજિસ્ટ્રેશન એક વર્ષ માટે રદ કરી દેવામાં આવ્યા છે. આ સાથે જ તેમને રૂા. ૫૦૦૦નો દંડ પણ કરવામાં આવ્યો છે. આ દંડની રકમ જમા કરાવવા માટે તેમને અલગથી નોટિસ પાઠવવામાં આવશે.

## મેડિકલ રિપ્રેઝન્ટેટીવ તરીકે નોકરી કરતા અને સવારે ૯થી સાંજના ૭ ડ્યૂટી કરતાં ફાર્માસિસ્ટો દ્વારા ભાડે અપાતા લાઈસન્સ

ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ મોન્ટુ પટેલનું કહેવું છે કે છેલ્લા પાંચ સાથ વર્ષથી પ્રેક્ટિશ કરતાં થયેલા ફાર્માસિસ્ટોમાં તેમના ડ્રગ લાઈસન્સ ભાડે આપવાનું વલણ વધુ હોવાનું જોવા મળે છે. અમે દરેક ફાર્મા કંપનીઓને પત્ર લખીને ગુજરાતમાં ડ્રગ લાઈસન્સ ભાડે આપનારા ફાર્માસિસ્ટોની યાદી તૈયાર કરી છે. આ યાદીમાં અંદાજે ૧૫૦૦થી વધુ નામ હોવાનું જોવા મળી રહ્યું છે. આ તમામને ફાર્મસી કાઉન્સિલે પૂછપરછ માટે હાજર થવા આદેશ આપતા પત્ર લખી દીધા છે. રોજના ૧૫ જણાને બોલાવીને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ પ્રકારની ગેરરીતિ આચરી રહેલા ફાર્માસિસ્ટોમાં અમદાવાદ શહેરના ફાર્માસિસ્ટોની સંખ્યા વધારે છે. જોકે ગુજરાતના જુદાં જુદાં શહેરોમાં પણ આ ચલણ અને વલણ વધી રહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ફાર્મસી કાઉન્સિલનું કહેવું છે કે ઓનલાઈન સિસ્ટમના આ યુગમાં આ પ્રકારની ગરબડો વહેલી પકડાઈ જશે. ફાર્મસી કાઉન્સિલનું કહેવું છે કે ફાર્માસિસ્ટો આ પ્રકારની ગેરરીતિ કરતાં બીજીવાર પકડાશે તો તેમના રજિસ્ટ્રેશન કાયમી ધોરણે રદ કરી દેવામાં આવશે. આ વખતે એક વર્ષ માટે રજિસ્ટ્રેશન રદ કરવાનું અને રૂા. ૫૦૦૦નો દંડ કરવાનું પગલું લેવામાં આવ્યું છે. ફાર્મા કંપનીઓને પણ તેમને ત્યાં નોકરી કરી રહેલા કર્મચારીઓએ તેમના ડ્રગ લાઈસન્સ ભાડેથી આપ્યા હોવાની હકીકતની જાણકારી ન હોવાનું ગુજરાત ફાર્મસી કાઉન્સિલની તપાસમાં બહાર આવી રહ્યું છે. હવે આ તમામ ફાર્માસિસ્ટોના ડ્રગ લાઈસન્સ રદ કરવાની જવાબદારી ગુજરાતના ફૂડ એન્ડ ડ્રગ કમિશનર હેમંત કોશિયાને શિરે આવી રહી છે. હેમંત કોશિયાનું કહેવું છે કે અમને આ સંદર્ભમાં ત્રણેક લેટર મળી ચૂક્યા છે. અમે પણ આગળની તપાસની કાર્યવાહી ચાલુ કરી દીધે છે.

ત્રે ૯ કલાકે, ટાઉનહોલ
.બ હોલ પર ૯ાા થી ૧૨ાા, ૫ થી ૮
જીત ... : ચિરાગ શાહ-ખજાનાં નેટવર્ક

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક,

## સરખેજમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

અ ૨૯ જુલાઈ સુધીમાં અમદાવાદ શહેરમાં ૧૮૯.૨૮ મીમી વરસાદ પડી ચૂક્યો હતો.

આજે સોમવારે દિવસભર સતત અને છૂટો છવાયો વરસાદ પડતા તેમજ વરસાદનું ઝોર ઓછું હોવાથી પાણી ભરાવાની સમસ્યા ગંભીર બની નહોતી. જેટલો વરસાદ પડતો હતો તેમાં વરસાદી પાણીના નિકાલ માટેનો સમય પણ મળી રહેતા પાણી ઓસરી ગયા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાયા

Scanned with CamScanner

**GUJARAT SAMACHAR**

**30/07/2019**

Gujarati News >> Zee News ગુજરાતી >> gujarat

Monday, 29 Jul, 5.44 pm
Zee News ગુજરાતી

ગુજરાત

# ફાર્મસીસ્ટનું લાઇસન્સ ભાડે આપી 'કમાણી' કરતા 54 ફાર્મસીસ્ટના લાઇસન્સ રદ્દ



અતુલ તિવારી/અમદાવાદ: ગુજરાત ફાર્મસી કાઉન્સિલ દ્વારા 54 ફાર્મસીસ્ટના લાયસન્સ 1 વર્ષ માટે રદ્દ કરી દેવાયા છે. સાથે જ તમામને રૂપિયા 5 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. 54 ફાર્મસીસ્ટના લાયસન્સ રદ્દ થવા અંગે વાત કરતા ગુજરાત ફાર્મસી કાઉન્સીલના પ્રમુખ મોન્ટુ પટેલે જણાવ્યું હતું કે, ફાર્મસીસ્ટ તરીકે પોતાનું લાયસન્સ મેડીકલ સ્ટોર માટે ભાડે આપી શકે છે. પરંતુ પણ લાઇસન્સ ભાડે આપી બીજા સ્થળે નોકરી કરવી ગુનો છે.

રાજ્યભરના આવા જ આશરે 2 હજાર જેટલા ફાર્મસીસ્ટ વિરુદ્ધ કાઉન્સિલને ફરિયાદ મળી છે. ફરિયાદના સંદર્ભમાં તપાસ ચાલુ છે. પરંતુ હાલ 54 ફાર્મસીસ્ટ છેલ્લા 5 થી 10 વર્ષથી પોતાનું લાયસન્સ ભાડે આપીને પોતે અન્ય સ્થળે નોકરી કરી રહ્યા છે તે સાબિત થયું છે.

54 ફાર્મસીસ્ટના લાયસન્સ 1 વર્ષ માટે સસ્પેન્ડ

ગુજરાત ફાર્મસી કાઉન્સિલ દ્વારા કરાયો નિર્ણય

તમામને રૂપિયા 5 હજારનો ફટકાર્યો દંડ

લાયસન્સ ભાડે આપી નોકરી કરતા હોવાનો આવ્યું છે સામે

કાઉન્સિલને 2 હજાર જેટલા ફાર્મસીસ્ટ વિરુદ્ધ મળી છે ફરિયાદ

તમામ ફાર્મસીસ્ટ વિરુદ્ધ કરાઈ રહી છે તપાસ

1500 થી વધુ ફાર્મસીસ્ટને સ્પષ્ટતા માટે કાઉન્સીલે બોલાવ્યા

ફરિયાદ સાચી સાબિત થતા તમામ સામે લેવાશે પગલા

આવા 54 ફાર્મસીસ્ટના લાયસન્સ 1 વર્ષ માટે રદ્દ કરીને રૂપિયા 5 હજારનો દંડ કરવામાં આવ્યો છે. બાકીના 1500 વધુ ફામર્સીસ્ટ સામે હાલ તપાસ ચાલી રહી છે તે તમામને કાઉન્સિલ સમક્ષ બોલાવવામાં આવી રહ્યા છે. ફરિયાદ મુજબ ગુનો સાબિત થશે તે તમામના લાયસન્સ સસ્પેન્ડ કરીને દંડ ફટકારવામાં આવશે સાથે જ બીજી વખત આજ ગુનામાં ઝડપાશે તો હમેશા માટે લાયસન્સ રદ્દ કરવા સુધીના કાઉન્સિલ દ્વારા પગલા ભરવામાં આવશે.

Dailyhunt

**ZEE NEWS GUJARATI**
**29/07/2019**

# ગુજરાતમાં નીતિનિયમોનો ભંગ કરીને દવાઓનું મોટાપાયે ઓનલાઈન વેચાણ કરતી કંપનીઓ અને પ્રેક્ટીસ કરતા ફાર્માસીસ્ટો વિરૂદ્ધ ફરિયાદો

**દવાઓનું ઓનલાઈન જોખમકારક ગેરકાયદે વેચાણ તત્કાળ અટકાવવા ગુજરાત ફાર્મસી કાઉન્સિલ તરફથી આરોગ્ય મંત્રી અને એફડીસીએ સમક્ષ રજૂઆત**

**ઈ-ફાર્મસીમાં સપ્લાય ચેઈન પાર્ટનર તરીકે મેડિકલ સ્ટોરમાં લાઈસન્સનો ઉપયોગ કરવાની સાથોસાથ નોકરી કરતા ફાર્માસીસ્ટોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે**

**અમદાવાદઃ** દવાઓ ઓનલાઈન વેચવાને મંજૂરી અપાઈ નથી કે તેને લગતો કાયદો ઘડવામાં આવ્યો નથી, ત્યારે ગુજરાતમાં નીતિનિયમોનો ભંગ કરીને દવાઓનું ઓનલાઈન વેચાણ મોટાપાયે થઈ રહ્યાની ફરિયાદો મળી રહી છે. તેને અનુલક્ષીને દવાઓનો ગેરકાયદે જોખમકારક વેપાર અટકાવવા ગુજરાત ફાર્મસી કાઉન્સિલ તરફથી રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનીસ્ટ્રેશન (એફડીસીએ) સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. જેમાં પુરાવા રજૂ કરીને એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ દૂષણને તત્કાળ ડામવામાં નહિ આવે તો રાજ્યનું યુવાધન બરબાદ થઈ જશે.

આ બાબતમાં નાગરિકો તથા ફાર્માસીસ્ટો તેમજ મેડિકલ સ્ટોર માલિકોની અનેક ફરિયાદો ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલને મળી છે. રાજ્યના જાગૃત નાગરિકોએ દવાઓનું ઓનલાઈન વેચાણ કરતી ચાર અલગ અલગ કંપનીઓની વેબસાઈટ તથા એપ પર એક જ પ્રિસ્ક્રીપ્શન અપલોડ કરતાં તેમને કંપનીઓના પ્રતિનિધિનો ફોન આવ્યો હતો. તે પ્રતિનિધિને ગુજરાતી ભાષાનું જરાપણ જ્ઞાન ન હતું. ચારેય કંપની તરફથી દવા મોકલવામાં આવી તો તેનું તાપમાન જાળવવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. દવાના બિલ પર પ્રિસ્ક્રીપ્શનમાં દર્શાવેલા ડૉક્ટરના નામને બદલે બીજા જ ડૉક્ટરનું નામ આપવામાં આવ્યું હતું. બિલ પર ફાર્માસીસ્ટનો સિક્કો લગાવવો ફરજિયાત હોય છે તે પણ લગાવવામાં આવ્યો ન હતો. આ બધી બાબતો અંગે પુરાવા સહિત તેમણે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલમાં રજૂઆત કરી હતી.

કાઉન્સિલના પ્રમુખ મોન્ટુકુમાર પટેલે જણાવ્યું હતું કે આવું ચાલતું રહે તો યુવાપેઢી બોગસ પ્રિસ્ક્રીપ્શન તૈયાર કરીને નશાકારક દવાઓ ઓનલાઈન મંગાવતા થઈ જશે અને આપણું યુવાધન બરબાદ થઈ જશે. અમને આ બાબતમાં નાગરિકો તથા મેડિકલ સ્ટોર માલિકોની અનેક ફરિયાદો મળી છે. સચોટ પુરાવા સાથેની આ ફરિયાદો અંગે અમે રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી તેમજ ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનીસ્ટ્રેશન (એફડીસીએ) સમક્ષ રજૂઆત કરીને સત્વરે આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બંધ કરાવવા અનુરોધ કર્યો છે. નજીકના ભવિષ્યમાં અમે કેન્દ્ર સરકારના સંલગ્ન મંત્રાલય તેમજ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન સમક્ષ પણ આ બાબતમાં રજૂઆત કરવાના છીએ. જેથી દવાઓનું ગેરકાયદે ઓનલાઈન વેચાણ તત્કાળ અટકાવી શકાય. દવાઓના ઓનલાઈન વેચાણને રોકવામાં નહિ આવે તો સેલ્ફ-મેડિકેશન વધશે અને લોકો પોતાના પર જ જૂના પ્રિસ્કીપ્શનોથી દવાઓના અખતરા કરતાં થઈ જશે. આવા સંજોગોમાં કોઈ દર્દીનું મૃત્યુ નિપજે તો તેના માટે જવાબદાર કોણ એવા સવાલો ઉઠી રહ્યા છે. સરકારે સામાન્ય જનતાને પરવડે એવા જનઔષધિ કેન્દ્રો શરૂ કર્યા છે, તેના અસ્તિત્વ સામે પણ દવાઓના ઓનલાઈન વેચાણની

-અનુ. પાના નં. ૨ ઉપર

**પહેલા પાનાનું શરૂ...**

**ગુજરાતમાં નીતિનિયમોનો ભંગ...**

વ્યવસ્થા જોખમ ભું કરશે. ઈ-ફાર્મસીમાં સપ્લાય ચેઈન પાર્ટનર તરીકે મેડિકલ સ્ટોરમાં લાઈસન્સનો ઉપયોગ કરવાની સાથોસાથ નોકરી કરતા ફાર્માસીસ્ટોના રજીસ્ટ્રેશન રદ કરવા સહતિની કાર્યવાહી કરવામાં આવશે. જનતાના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલા અને ફાર્મસી વ્યવસાયની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડતા ફાર્માસીસ્ટોના લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવશે. નોંધપાત્ર બાબત એ છે કે ઓનલાઈન ફાર્મસીઓ તરફથી નીતિ-નિયમોને નેવે મુકીને ફાર્માસીસ્ટો પાસે કામ લેવામાં આવે છે. આવી ઓનલાઈન ફાર્મસી કંપનીઓમાં નોકરી કરતા ફાર્માસીસ્ટો વિરૂદ્ધ ફરિયાદો મળતા કાઉન્સિલમાં તેઓની ખાસ સુનાવણી હાથ ધરવામાં આવશે.

બીજી બાજુ, કેટલાક ફાર્માસીસ્ટોએ ઇ-ફાર્મસીની ખરાઇ કરવા વિવિધ પોર્ટલ પર પ્રિસ્કીપ્શન અપલોડ કર્યા હતા. તે વ્યવસ્થામાં તેઓને અનેક ગંભીર ક્ષતિઓ હોવાનું માલુમ પડયું હતું. એક કંપનીએ દવાઓના વેરીફીકેશનની વ્યવસ્થા વિના જ દવાઓ મોકલી આપી, જેના બિલ પર રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટની વિગતો જેવી કે નામ, નોંધણી નંબર, સહિ વગેરે ન હતા. ડ્રગ એન્ડ કોસ્મેટિક એક્ટ ૧૯૪૮ના પીપીઆર-૧૫ નિયમ મુજબ આવી દવાઓ અધિકૃત ફાર્મસીસ્ટ દર્દીનું કાઉન્સેલિંગ કરીને પછી જ આપી શકે. ઓનલાઈન દવા ખરીદી કરવામાં આવી તેની સરખામણીએ મોકલવામાં આવેલી દવાની બ્રાન્ડ બદલાઇ ગયેલી હતી. બ્રાન્ડેડ દવાને બદલે સસ્તા દરની જેનરિક દવા મોકલી દેવામાં આવી હતી. ભાવના તફાવતનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું ન હતું. હકીકતમાં શેડ્યુલ એચ-૧ દવા હોવાને કારણે તે દવાના પેકેટ પર એવું લખાણ દર્શાવવામાં આવેલું હતું કે સૂકા અને ૨૫ ડિગ્રી નીચેના તાપમાનમાં રાખવી. આમ છતાં દવાને સીધા સૂર્યપ્રકાશ અને ભેજથી રક્ષણ મળે એવા વાતાવરણમાં રાખવાના નિયમોને ભંગ કરીને દવા સાદા કુરિયરથી મોકલવામાં આવી હતી. આ દવાની આડઅસર કે ગંભીર તકલીફથી દર્દીનું મૃત્યુ થાય તો તે બાબતે જવાબદાર કોણ એવા સવાલો ઉઠી રહયા છે.